

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

પક્ષ તરફ પ્રમાણિકતા - જેવું રહ્યું નથી,
રાષ્ટ્રીય સેવા અને સિદ્ધાંત - જેવું રહ્યું નથી,
થાય છે સોદા 'સીટ'ના મૂલ્યો - જેવું રહ્યું નથી -
છે જાતિ-ધર્મના વાડા ચૂંટણી - જેવું રહ્યું નથી..
(બિહાર સરકસ)

હાઈકુ

ઉલ્લંઘી સીમા,
કરે ઘૂરઘૂરાટ -
શેરી ના શ્વાનો..
(૧૫-૧૮ મુદ્દા વિવાદ)

કાઢવા ગ્યા'તા,
અનામત 'બકરું'
પેસી ગ્યું ઉંટ!!
(ચાણક્યો ચાતર્યા)

### ચિંતન

**અતિ રૂપેણ વૈ સીતા અતિ ગર્વેણ રાવણઃ ।**
**અતિ દાનાત્ બલિ બદ્ધો અતિ સર્વત્ર વર્જયેત ॥**

અત્યંત સુંદર-સૌમ્ય હોવાથી માતા સીતાજીનું અપહરણ થયું અને અત્યંત અભિમાનથી જ રાવણનું પતન થયું. વધારે પડતી દાનવૃત્તિથી બલિરાજાને બંધનમાં આવવું પડ્યું. મુસીબત સહન કરવી પડી. હંમેશા 'અતિ'નો ત્યાગ કરવો - (મર્યાદમાં રહેવું.)'

અતિ સર્વત્ર વર્જયેલ - અતિની ગતિ નહીં આવી અનુભવ સિદ્ધ વાણી પ્રચલિત છે.

'અતિ' - વધારે પડતાં સંબંધો-મૈત્રી, દુશ્મની પણ ખરાબ પરિણામ લાવે છે વેદોમાં પણ મધ્યમ માર્ગ સ્વીકારવાનું કહેવામાં આવ્યું છે. દરેક બાબતમાં પ્રમાણભાન જરુરી છે. દા.ત. અરિસો દર્પણ તદ્દન નજીક રાખીએ તો કંઈ જ ન દેખાય અને બહુ દૂર લઈ જઈએ તો પણ કંઈ જ ન દેખાય, યોગ્ય પ્રમાણસર 'અંતર' હોય તો જ પ્રતિબિંબ માપસર દેખાય.

અહીં સીતાજીનું સૌંદર્ય, રાવણની શક્તિ, અભિમાન બલિનું અતિદાન - આપત્તિનાં કારણ બન્યાં.

### સુવિચાર

- છત ટપકતી હૈ ઉસકી... કચ્ચે ઘર કી..
  વૉ કિસાન ફિર ભી.. બારીશ કી દુઆ કરતા હૈ - **નાઝ કાનપુરી**
- સ્મૃતિ (યાદદાસ્ત) વૃદ્ધ સારી.. આશા યુવાન સારી - **ઝેન કથન**
- અગ્નિમાં ઘી રેડો અને આગની જવાળાઓ જેમ તીવ્ર બને તેમ
  ઈચ્છાઓને ભોગવવાથી તે વધુ ભડકે છે - **રત્નસુંદર વિજયજી**
- સકળ જગતમાં પૂર્ણ એક ઈશ્વર, માનવમાત્ર અધૂરાં - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈને 'વચન' ન આપવું. એ હૃદયમાં કાંટો વાવવા જેવું છે...
  જયારે જયારે એ વચન આપણને યાદ આવશે ત્યારે એ કાંટા ખૂંચી ઉઠશે - **હરિભાઈ કોઠારી**
- ભોગથી આત્માનું શોષણ થાય છે. ત્યાગથી આત્માનું પોષણ થાય છે - **વિનોભા ભાવે**

**(સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

સંતની સભામાં સત્સંગ ચાલતો હતો દરરોજ, ભક્તિ-કર્મયોગ-સંત-અસંતના લક્ષણો વિશે સત્સંગી પ્રશ્નો પૂછતા અને સંત એ બધા પ્રશ્નોના સમજાવટ અને મુદ્દાસર જવાબ આપતા.

એકવાર એક યુવાને પ્રશ્ન પુછ્યો : બાબાજી, બહારથી સુંદર અને સારા દેખાતા હોય એવા લોકોમાંથી 'મૂર્ખ'ને કેમ ઓળખી શકાય ?

સંત કહે : મૂર્ખના ત્રણ પ્રકાર છે :

એક મૂર્ખ એવા છે જે ધન અને સત્તાને જ સર્વ-શક્તિ માને છે અને એની ઉપાસનામાં જ જીવન પસાર કરી નાખે છે. ધન-સત્તા-સમૃદ્ધિ ચંચળ છે - નાશવંત છે.

બીજો મૂર્ખ - ખૂદને સુધાર્યા વિના બીજાને જ સુધરવાના ઉપદેશ આપ્યા કરે છે આવા નેતા - કથાકારો - બાબા-બાપુઓ મૂર્ખ છે.

ત્રીજો મૂર્ખમાં આળશુ લોકો આવે છે જે કંઈ જ પરિશ્રમ કર્યા વિના આરોગ્યની અપેક્ષા રાખે છે અને બિમાર પડે છે.

યુવકને સંતના જવાબ સાંભળી ખૂબ સંતોષ થયો.

# હિંદીને વૈશ્વિક ભાષા બનાવવા કૃતસંકલ્પ બનીએ

## તંત્રીસ્થાનેથી....

સામાન્ય રીતે મોરીશિયસ, ટ્રિનિદાદ-ટોબેગો કે અન્ય વિદેશી મુલકમાં યોજાતું વિશ્વ હિંદી સંમેલન હિંદી હાર્ટલેન્ડ સમા મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં યોજાયું તે હિંદી ભાષી પ્રજા માટે ગર્વનો વિષય છે. દેખીતું છે કે ભોપાલ સુષમા સ્વરાજના સંસદીય ક્ષેત્ર ઉપરાંત મોદી પછી ભાજપના સૌથી લોકપ્રિય ચહેરા ગણાતા શિવરાજસિંહ ચૌહાણની કર્મભૂમિ છે. મધ્યપ્રદેશ જેવા 'બીમારુ' રાજયને પ્રગતિના રાજપથ પર આણનાર શિવરાજસિંહ ચૌહાણ બે વરસ અગાઉ મોદીના કટ્ટર રાષ્ટ્રીય પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવ્યા હતા. છેલ્લા દોઢ વરસ દરમિયાન યમુના, ગંગા, ચંબલ અને સાબરમતીમાં ઘણાં પાણી વહી ગયાં છે. હવે નરેન્દ્ર મોદી ફક્ત ગુજરાત કે ભારતના જ નહીં બલકે સમગ્ર વિશ્વના પ્રભાવશાળી નેતા બની ચૂક્યા છે. વિશ્વ પ્રવાસ દરમિયાન એમણે જયાં ગયા ત્યાં પોતાની ભારતીયતાનો પરચો બતાવ્યો છે. નાનપણમાં વડનગરના રેલવે સ્ટેશન પર ચા વેચનારો બાળક મુંબઈથી ઉત્તર ગુજરાતના ભેંસો ખરીદવા આવતા એમના સહવાસથી હિંદી બોલતાં શીખ્યા. કાળક્રમે હિંદી એમની જીભે ચડી ગઈ અને માતૃભાષા જેટલી જ સહજતાથી તેઓ હિંદીમાં ધારાપ્રવાહ પ્રવચર્ન આપતા થઈ ગયા. એમના હિંદીના જ્ઞાનને કારણે એમને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ તેમજ ભારતીય જનતા પાર્ટીમાં પ્રવક્તા અને સંગઠન મંત્રી જેવાં પદ મળતાં રહ્યાં. વિશ્વ હિંદી સંમેલનનું ઉદ્ઘાટન કરતાં મોદીએ પોતાની જ જાત તપાસ માંડીને પૂછેલો પ્રશ્ન કેટલો સાર્થક છે! 'ધારો કે મને હિંદી ના આવડતું હોત તો મારી શી વલે થઈ હોત?' - આ સવાલ કયારેક પ્રણવ મુખરજી અને ચિદંબરમ્ જેવા કોંગ્રેસના દિગ્ગજોને પણ નડ્યો છે તો નસીબજોગ વડાપ્રધાન પદે આરૂઢ થયેલા એચ.ડી. દેવગોવડાને અને રાષ્ટ્રપતિ પદે બેઠેલા કે.આર. નારાયણને પણ એને ભોંઠપનો અનુભવ કરાવ્યો છે? હિંદી વિશ્વમાં સૌથી વધુ 'સમજાતી' ભાષા છે. ચીની અને અંગ્રેજીની સાથે એ પણ ભવિષ્યમાં વિશ્વભાષાનું ગૌરવ પ્રાપ્ત કરીને જ રહેશે, કારણ કે એ ભાષા સમજનારો અને બોલનારો સમુદાય ફક્ત ભારતમાં જ નહીં, બલકે વિશ્વના ખૂણે ખૂણે પથરાયેલો છે. હિંદીની અવગણના દુનિયાની મહાસત્તાઓને પણ પોસાય એમ નથી, ત્યારે ખુદ ભારતીય નાગરિકોને અંગ્રેજીનું ઘેલું લાગ્યું છે, તે પણ કેવી વિડંબના છે! હિંદી ફિલ્મો દુનિયાના ખૂણે ખૂણે પ્રદર્શિત થતી રહે છે. રશિયામાં તો રાજકપૂર ત્યાંના પ્રમુખ કરતાં વધારે લોકપ્રિયતા ધરાવતો હતો. જયારે ભારત વિશ્વમાં નંબર વન બનવાની સ્પર્ધામાં અગ્રેસર થઈ રહ્યું છે. ત્યારે હિંદીના પ્રચાર-પ્રસાર માટે પ્રજાકીય તેમજ સરકારી સ્તરે ઘણું બધું કરવાનું બાકી છે. મહાત્મા ગાંધીએ હિંદીને રાષ્ટ્રભાષા તરીકે સ્વીકૃતિ અપાવવા કેટલી જહેમત ઉઠાવેલી, છતાં હિંદીને માત્ર રાજભાષાનો દરજ્જો અપાયો છે અને તે પણ અંગ્રેજીની સાથે બે દિવસ પછી દેશભરમાં હિંદી દિવસ ઊજવાશે - પરંતુ એ તો એક કર્મકાંડ બની ગયેલ છે. હિંદીનો ઋણ સ્વીકાર કરનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધારે તો હિંદીને એની ગુમાવેલી ગરિમા પાછી અપાવી શકે એમ છે. પરંતુ શું તેઓ આ મુદ્દે ખરેખર ગંભીર છે ખરાં?

# પરંપરાગત હિન્દુ સમાજની જાતિ વ્યવસ્થામાં સ્વરાજનું બીજ સમાયેલું છે : મહાત્મા ગાંધી



## ગાંધી ૧૦૦

ડૉ. રાજેન્દ્ર જાની

હાલ ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન પરાકાષ્ઠાએ પહોચ્યું હતું ત્યારે હિંદુ સમાજની જ્ઞાતિ વ્યવસ્થાના સંદર્ભે આજથી બરાબર સો વર્ષ પહેલાં મહાત્મા ગાંધીએ જાતિ (જ્ઞાતિ) વિશે તેમના વિચારો રજૂ કર્યા હતા.

'ભારત સેવક' મરાઠી સામયિકના ઑકટોબર ૧૯૧૬ના અંકમાં 'જાતિભેદ વિશે વિચારો' મથાળા સાથે પ્રસિદ્ધ થયેલા લેખમાં ગાંધી કેટલીક બાબતોમાં જ્ઞાતિ વ્યવસ્થાને સ્વાભાવિક ઉપસી આવેલી સમાજરચના તરીકે ઓળખાવે છે અલબત્ત જ્ઞાતિ વ્યવસ્થાની ઊચનીચના કળની સામે વિવેકપૂર્ણ વિરોધ પણ વ્યક્ત કરે છે (જુઓ ગાંધીજીનો અક્ષરદેહ - ૧૩, પૃષ્ઠ - ૨૭૭)

લેખની શરુઆતના વાક્યથી તેઓ સ્પષ્ટ કરે છે કે 'જાતિભેદના પાયા ઉપર હિંદુ સમાજની ઈમારત ટકી રહી છે, એવી મારી માન્યતા છે. વિલિયમ હંટર નામના ઈતિહાસકારે હિંદના ઈતિહાસમાં એમ નોંધ્યું હતું કે હિન્દુસ્તાનમાં ભીખનો કાયદો પુઅર લૉ કરવાની જરુર પડી નથી. આ દલીલને તેઓ સ્વીકારતા કહે છે આનું કારણ જાતિભેદની પરંપરાગત અને પ્રચલિત સંસ્થા તરીકે એ સ્થાપિત થયેલી છે એટલે છે.'

પણ તુરત જ દરેક મુદ્દા, ઘટના કે વ્યક્તિમાંથી સ્વરાજનું નવનીત નિતારવાનું વિચાર વલોણું પ્રયોજતા રહેતા ગાંધી કહે છે જાતિ સંસ્થામાં સ્વરાજનું બીજ સમાયેલું છે. જુદી જુદી જ્ઞાતિઓ લશ્કરની ટુકડીઓ જેવી છે. સેનાધિપતિ દરેક સૈનિકને ઓળખતો નથી. પણ દરેક સૈનિક પાસેથી ટુકડીના મુખ્ય અધિકારી મારફત તે કામ લે છે. તે જ પ્રમાણે જાતિભેદના સાધનથી આપણે સમાજ સુધારણાનું કાર્ય સહેલું કરી શકીએ છીએ. અને આપણું ધાર્મિક, વ્યવહારિક, નૈતિક અને રાજકીય ચક્ર ગમે તેમ ફેરવી શકીએ છીએ.

મહાત્મા એક તરફ જાતિભેદના સમાજ સુધારણામાં વ્યાપક લાભો જોતાં જાતિભેદના નાશ કરવાના પ્રયત્નો સામે પોતે વિરુદ્ધમાં છે એમ ઉલ્લેખતાં પાછા તરત જ જાતિભેદના કારણે ઉદ્ભવતા દોષોનું નિવારણ પણ ઈચ્છે છે. જ્ઞાતિભેદનું વાસ્તવિક સ્વરુપ પ્રથમ જાણવા પર અંગુલિ નિર્દેશ કરતા મહાત્મા કહે છે, 'જાતિને આપણે ધાર્મિક સ્વરુપ આપ્યું છે. એટલે જાતિ કેવળ સંયમ કરવાનું સાધન છે. જાતિએ આપણા ભોગની પરિસીમા છે તેની બહારનો ભોગ ભોગવવાના આપણને અધિકાર નથી.'

બીજી જાતિના લોકો સાથે આપણે ભોજન વ્યવહાર અથવા તો લગ્ન વ્યવહાર કરીશું નહીં. આ યોજના પાછળની તેમની તર્ક દલીલ એવી હતી કે આમ કરવાથી અનાચાર ઘણો જ ઓછો થવા સંભવ છે. જેટલા ભાણા ભેગા એટલો પ્રેમ વધારે એવી બહુ જાણીતી આપણી કહેવતનો છેદ ઉડાડતા તેઓ કહે છે એકત્ર જમવાની મિત્રતા વધે છે એ વાત અનુભવ વિરુદ્ધ છે. આમ કરવાથી મિત્રતા, વધતી હોત તો યુરોપમાં (હાલનું) મહાયુદ્ધ (વિશ્વયુદ્ધ) થાત નહીં. સહુથી વધારે કજિયો તો સગાંભાઈઓમાં જ થાય છે. એવી હકીકત બયાન કરતાં તેઓ કહે છે : ભોજન ક્રિયાએ શૌચક્રિયા જેટલી જ ગંદી છે. ફેર એટલો જ કે શૌચક્રિયા પછી આપણને શાંતિ મળે છે, જયારે જીભને વશ ન રાખી શકીએ તો ભોજન પછી બેચેની ઉત્પન્ન થાય છે.

વધુમાં તેઓ કહે છે શૌચાદિ કર્મ આપણે એકાંતમાં કરીએ છીએ તેમ જ ભોજન આદિ પશુક્રિયા પણ એકાંતમાં કરવી જોઈએ. ભોજન એ કેવળ શરીર વ્યાપારને માટે છે એ વાક્ય અગર સાચું હોય તો એ બાબતમાં જેટલો ઓછો આડંબર કરીએ તેટલું સારું એ દેખીતું છે.

ભોજન ઉપરાંત આવી જ બાબત લગ્ન સંબંધને પણ છે એવી દલીલ કરતાં મહાત્મા કહે છે 'અમુક જાતિની બહાર લગ્ન વ્યવહાર બંધ રાખવામાં સંયમ જ છે. અને સંય તો બધી વખત સુખદાયક જ છે. જાળ જેટલી વધારે ફેલાવીએ તેટલું સંકટ વધે છે. માટે પોતાની જ પંક્તિના માણસોમાંથી વર અથવા વહુ શોધવામાં હું કાંઈ પણ દોષ જોતો નથી એવો ઉલ્લેખ કરતા તેઓ ઈંગ્લેન્ડનો દાખલો આપે છે. તેઓ દૃષ્ટાંત આપતા કહે છે કે 'જે દેશમાં જાતિનો પાયો ધર્મ ઉપર રચાયેલો નથી ત્યાં પણ વર્ણશંકર ન થાય તેની ખબરદારી રાખવામાં આવે છે.'

ભોજન અને વિવાહ સંબંધી બંધનને હિન્દુ સમાજે જાણ્યે-અજાણ્યે કબુલ કરેલી છે એમ ઉલ્લેખ કરતાં તેઓ જ્ઞાતિ સંસ્થાના બીજા લાભ પણ દલીલો રુપે રજૂ કરે છે, જે આગામી લેખમાં જોઈશું. મહાત્મા ગાંધીએ અભ્યાસી પ્રત્ય વ્યક્ત કરેલી લેખિત લાગણી અત્રે રજૂ કરીને લેખનું સમાપન કરવા રજા લઉં છું.

અભ્યાસી પ્રત્યે,

મારા લખાણોમાં ઉદ્યમી અભ્યાસીને તેમજ એમાં રસ લેનાર બીજાઓને કહેવા ઈચ્છું છું કે મને સર્વકાળે એકરુપ જ દેખાવાની કશી પરવા નથી. સત્યની મારી શોધમાં મેં ઘણા વિચારોનો ત્યાગ કર્યો છે ને ઘણી નવી વસ્તુઓ શીખ્યો છું. ઉંમરમાં હું ભલે વૃદ્ધ થયો હોઉં, પણ મારો આંતરિક વિકાસ અટક્યો છે અથવા દેહ પડ્યા પછી મારો વિકાસ અટકી જશે એવું મને લાગતું નથી. મને એક જ વસ્તુની પડી છે, ને તે પ્રતિક્ષણ સત્યાનારાયણની વાણીને અનુસરવાની મારી તત્પરતા છે. અને તેથી કોઈને મારા બે લખાણોમાં વિરોધ જેવું જણાય ત્યારે જો તેને મારા ડહાપણ વિશે શ્રદ્ધા હોય તો એક જ વિષયના બે લખાણોમાંથી પાછલાને તે પ્રમાણભૂત માને. **- ગાંધીજી**

હરિજન બંધુ, ૩૦-૪-'૩૩

*(લેખક સમાજશાસ્ત્રના અધ્યાપક છે.)*

# સંબંધોમાં લાગતી ઉધઈ : 'મીસ અન્ડર સ્ટેન્ડીંગ'



## અદબ-પલાઠી મોં પર આંગડી

ડૉ. સંતોષ દેવકર

માણસ માણસને જોડતો સેતુ એટલે સંબંધ. દરેક જણ એકબીજા સાથે સંબંધથી જોડાયેલો છે. સંબંધ સિવાયનું જોડાણ શક્ય નથી. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનો સંબંધ જીવનને ગતિ આપે છે. સંબંધને કારણે જીવન ગતિશીલ બને છે. સંબંધોની ગુણવત્તા જીવનમાં પ્રાણ પૂરે છે. સંબંધોની પરિપક્વતા વ્યક્તિને અનોખી ઊંચાઈ બક્ષે છે. મૅચ્યોર રિલેશન દરેક વ્યક્તિ ઝંખે છે. સંબંધોની પરિપક્વતા માત્ર એક વ્યક્તિ પર નિર્ભર નથી. બંને છેડા મજબૂત અને વૈચારિક હોવા એ અનિવાર્ય છે. કોઈ એક ઉર્દૂ શાયરે ખરું જ કહ્યું છે કે -

'દુશ્મની જમ કર કરો લૅકિન યે ગુંજાઈશ રહે કી
જબ કભી હમ દોસ્ત હો જાયે તો શરમિંદા ન હો'

મિત્રતામાં પરિપક્વતા હોય પરંતુ કવિ તો દુશ્મનીમાં પણ પરિપક્વતાની વાત કરે છે. કેટલાક સંબંધો કાચા દોરાથી બંધાયેલા હોય છે. સ્હેજ ટેન્શન આવે અથવા થોડુંક વર્તનમાં ફેરફાર થાય કે તુરંત જ સંબંધો પર અસર થાય છે. એવા નાજુક તાંતણે બંધાયેલા સંબંધોનું ભવિષ્ય પણ ટૂંકું હોય છે.

પરિપક્વ સંબંધોમાં એક ઊંચાઈ સ્થાપિત થતી હોય છે. ઊંચાઈ સમજદારીથી આવે. સમજદારી બંને પક્ષે મહત્ત્વ ધરાવે છે. જયારે જયારે સંબંધોની પરિપક્વતા સામે સવાલો થયા છે ત્યારે સંબંધોની લક્ષ્મણરેખા તૂટી છે. પતિ-પત્ની વચ્ચે, શિક્ષક-વિદ્યાર્થી વચ્ચે, બે પ્રેમી વચ્ચે, બે મિત્રો વચ્ચે, બે વેવાઈ વચ્ચે, બે બહેનપણીઓ વચ્ચેના સંબંધોનો પાયો સમજદારીના પાયા પર રચાયેલી હોય છે. આ સમજદારીનો પાયો એકલા હાથે તૈયાર થતો નથી. તેમાં સમજદારીના ચાર હાથની જરુર પડે છે.

સંબંધોની નાવમાં બેસીને બંનેએ હલેસ મારવા પડે. જો એક જ વ્યક્તિ હલેસા મારે અને બીજો બેસી રહે તો પણ નાવ આગળ જઈ શકે નહિ, નાવને આગળ લઈ જવા, વિકાસ તરફ લઈ જવા, સંબંધોને સમૃદ્ધિ તરફ લઈ જવા બંને બાજુથી તાલબદ્ધ રીતે હલેસા મારવા જરુરી નહીં અનિવાર્ય છે. સંબંધોની ઊંચાઈ હોવી એ જેવી તેવી વાત નથી.

આપણી ગુજરાતી ભાષામાં 'સંબંધો તૂટવા' જેવો હિંસક અને ઘાતક શબ્દપ્રયોગ બીજો એકેય નથી! એ સંબંધો જ કેવા જે દુભાય, તૂટી જાય, ફરી બંધાય, ફરી તૂટે ને ફરી બંધાય...! અનિશ્ચિતતા અને અવિશ્વાસના પાયા પર બંધાયેલા સંબંધોમાં જોડાવા-તૂટવાનો ક્રમ અવારનવાર બનતો રહે છે.

જો જિંદગીમાં સંબંધો નથી તો કશું જ નથી. સંબંધોને મહામૂલી મૂડી ગણનારા તેનું મહત્ત્વ સમજે છે. જાળવે છે, અને સંસ્કારે છે. સંબંધોની એક ભાષા છે. સંબંધોનો એક ધબકાર છે. સંબંધોના અનેક તબક્કા છે. સંબંધોની ગુણવત્તા છે. સંબંધોના અનેક લેખાજોખા છે. સંબંધો તૂટવાની વેદનાનો કોઈ અવાજ નથી હોતો. અને સંબંધો બંધાય તેનો કોઈ સૂર નથી સંભળાતો. બંને અનુભવવાની પ્રક્રિયા છે. દરેકે તેમાંથી પસાર થયે જ છૂટકો.

વ્યક્તિ ગરીબ હોય કે તવંગર, સ્ત્રી હોય કે પુરુષ, ગમે તે જ્ઞાતિ નો હોય, સંબંધોની માયાજાળમાંથી છટકી શકતો નથી. કાશ, માનવી સંબંધોને પારખી શકે છે, ઓળખી અને જાણી શક્યો હોત!!

જીવનમાં સંબંધોનું અનેકગણું મહત્ત્વ છે. સંબંધોનું મૂલ્ય સમજનારા સંબંધોનો ઉપયોગ કરી જાણે છે. સંબંધોનો ઉપયોગ લોકકલ્યાણ માટે થાય તે ઉત્કૃષ્ટ છે. સંબંધોનો હંમેશા ઉપયોગ જ થાય તેવું નથી હોતું. સંબંધોનો દુરપયોગ કરનારા પણ અનેક છે. સંબંધોને વટાવી ખાવું પ્રત્યેક વ્યક્તિએ બદલાતું રહે છે.

જો સંબંધો સ્વાર્થની બુનિયાદ પર ટકેલો હશે તો તેનું ભવિષ્ય લાંબુ નહિ હોય. સ્વાર્થ પુરો થતાંની સાથે જ તે સંબંધોનો અંત આવતો હોય છે. આજે મોટે ભાગે સ્વાર્થના સંબંધો અસ્તિત્વમાં છે. એ નકારી શકાય તેમ નથી. ખૂબ ઓછા સંબંધો નિઃસ્વાર્થ ભાવે રચાયા હોય છે. નિઃસ્વાર્થ અને દિવ્ય ચેતનાથી બંધાતા સંબંધો ચિરંજીવી હોય છે. કહેવાયું છે કે -

કેવલ બડી બડી બાતેં કરને સે બડે નહિ હો જાતે,
જબ બડે છોડી છોટી બાતેં સમજને લગતે હૈ તબ વૅ બડે હોતે હૈ

સંબંધોમાં ગેરસમજથી તિરાડ પડે છે, વ્યક્તિનો અહમ્ કાતરનું કામ છે. કાતર હંમેશા કાપવાનું અને સોય હંમેશા જોડવાનું કામ કરે છે. જીવનમાં કયારે કાતર ચલાવવી અને કયા સમયે સોય-દોરાનો ઉપયોગ કરવો એટલો વિવેક જો દાખવતા આવડે તો જીવનમાંથી ગેરસમજ ઊભી પૂછડીએ ભાગે.

સંબંધોની પરિપક્વતાનો મૂળભૂત પાયો પ્રેમ છે. પ્રેમ અને સમજણ બંનેનું હોવું એ ઘટના છે. તો સંબંધોમાં પ્રેમ અને સમજની ગેરહાજરી એ દુર્ઘટના છે. પ્રેમથી સંબંધોને તાકાત મળે છે. પ્રેમથી પરિપક્વ સંબંધો રચાય છે. સંબંધોમાં રહેલી પરિપક્વતા અને સમજણ બંને સગી બહેન છે, અને તેથી જ પ્રેમ અને સમજણની બુનિયાદ પર રચાયેલા સંબંધો આજીવન ટકે છે. સંબંધોમાં પડતી તિરાડને સમજણરુપી 'ફૅવીક્વિક' સજ્જડ રીતે જોડી આપે છે.

મીસ અન્ડર સ્ટેન્ડીંગ (misunderstanding) અંગ્રેજીમાં આવતો આ ખૂબજ ખતરનાક શબ્દ છે. સંબંધોને તોડવા કે તૂડવા માટે તલવારની જરુર નથી. એક માત્ર ગેરસમજ પૂરતી છે. ગેરસમજ ઘર કરી ન જાય તે સમજ કેળવવાની છે. વિવેકી વ્યક્તિઓના જીવનમાં ગેરસમજને સ્થાન નથી. ગેરસમજ એક મોટો આરડીએક્સ છે જે સંબંધનો વિસ્ફોટ કરી લીરેલીરા ઉડાડી દે છે. સમજપૂર્વક, ધીરજથી વાતને સાંભળવી અને વિવેકપૂર્વક નિર્ણય લેવામાં આવે તો ગેરસમજને દૂર રાખી શકાય છે.

ખૂબ ઓછા નસીબદાર હોય છે જેમને પરિપક્વ સંબંધો મળઅયા છે. સંબંધોમાં પ્રેમરુપી રસાયણ ભેળવવામાં આવે અને મીસ અન્ડર સ્ટેન્ડીંગને સમજવામાં આવે તો સંબંધો તૂટવાનો ખતરો ટાળી શકાય છે. સમયાંતરે અનુભવાશે કે જન્મ અને મૃત્યુની જેમ સંબંધો પણ ઈશ્વરાધીન છે!



### મિસરી

**ચહેરો દેખાયની સ્મરણ થાય તે ઓળખાણ**
**પણ સ્મરણ થાય ને ચહેરો દેખાય તે સંબંધ**
(sms - કૃષ્ણાબેન પંચાલ, મ. શિક્ષક, વલસાડી, તા. ખેડબ્રહ્મા)

# જે રીતે આપણે કોઈ યાદગાર ક્ષણોને કેમેરામાં કંડારીએ છીએ અને ફરીવાર જયારે તેને જોઈને અતીતને વાગોળીઓ છીએ તેવું જ કંઈક આ હાઈકુનું છે, હાઈકુ કવિતા પણ સમય, પ્રેમની પળો, લાગણીશીલ અનુભવોની અનુભૂતિ કરાવે છે



## સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

**હાઈકુ વૃત્તાંત**

હાઈકુ જે જાપાનની ટૂંકી કવિતાનું રુપ છે, તેને ગુજરાતીમાં પ્રચલિત કરનાર ઝીણાભાઈ રતનજી દેસાઈ 'સ્નેહરશ્મિ' હતા. તેમણે ૧૯૬૭માં ૩૫૯ હાઈકુનો સંગ્રહ 'સોનેરી ચાંદ-રુપેરી સૂરજ' બહાર પાડ્યો, જેમાં 'તાન્કા' કવિતાઓ પણ સંગ્રહિત છે અને આ સંગ્રહમાં પાછળના ૨૨ પાનાઓમાં હાઈકુ વિષેની માહિતી આપવામાં આવેલી છે. તેમણે ૧૯૮૪માં 'કેવલ બીજ' અને સનરાઈઝ ઑન ધ સ્નો પીક્સ ' હાઈકુ સંગ્રહો બહાર પાડ્યા. 'સ્નેહરશ્મિ'નું 'હાઈકુ બાય ગુજરાતી પૉએટ સ્નેહરશ્મિ અમદાવાદ' ગુજરાતીમાં લખાયેલ છે, અને ગુજરાતીઓ અને જાપાનીઓ વચ્ચેનો સાંસ્કૃતિક સંબંધો ધરાવે છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમીટ અને જાપાન ફેસ્ટીવલે હાઈકુના ચાહકોમાં કવિઓ - સાહિત્યરસિકો, વિદ્વાનો અને કલાકારોને એક નવી દિશા અને નવી ઊંચાઈ આપી છે.

ગુજરાતી સાહિત્ય પરિષદના ભૂતપૂર્વ પ્રમુખ ભોળાભાઈ પટેલે કહ્યું છે કે ગુજરાતી ભાષાના ઘણા બધા કવિઓએ 'હાઈકુ' રચના પર હાથ અજમાવ્યો છે.

થોડુંક હાઈકુ વિશે જાણીએ.

હાઈકુ એ જાપાનીઝ કવિતાનું એક રુપ બંધારણ છે. જેમાં કવિ ૧૭ અક્ષરોનો ઉપયોગ કરે છે જેમાં પ્રથમ પંક્તિમાં પાંચ, બીજી પંક્તિમાં સાત અને ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષરો લખાય છે.

જાપાનીઝ હાઈકુ 'ઊભી લાઈનમાં' લખાય છે. જયારે અંગ્રેજીમાં ત્રણ લીટીમાં લખાય છે જે 'હોકુ' તરીકે જાણીતું હતું. 'હાઈકુ' નામ જાપાનના લેખક 'મસાઓકાશીકી' દ્વારા ૧૯મી સદીના અંતમાં આપવામાં આવ્યું. કિરુ (kiru) અને કિરેજી (kireji) એ હાઈકુનું તત્ત્વ છે. જેમાં કિરુ એ બે વિચારો કે આકૃતિઓને દર્શાવે છે, જયારે કિરેજી એટલે જે આ બંનેને જોડે છે, જે મોટેભાગે છેવટે લખાય છે.

અંગ્રેજીમાં કિરેજીની અગત્યતા દર્શાવવા માટે વિચારચિન્હોનો ઉપયોગ કરવામાં આવે છે. હાઈકુમાં (Teikei) નક્કી કરાયેલ રચનાવાળુ હાઈકુ છે જેમાં ૫-૭-૫ શબ્દોની, ત્રણ લીટીનું પેટર્ન અપનાવાય છે, જયારે (Jiyuritsu) જે મુક્ત કરચના હાઈકુ છે, જેમાં ઉપરોક્ત પેટર્ન જળવાતી નથી.

માત્સુઓ બાશો (Matsuo Basho) એ રચેલ હાઈકુનું નામ છે. ઑલ્ડ પોન્ડ - (Old pond) જૂનું તળાવ.

જાપાનીઝ હાઈકુમાં તો 'furuike ya kawazu tobikomu mizu no oto' છે જે :

Fu-ru-i-ke-ya (5)
kawa-zu to-bi-kp-mu (7)
mi-zu-no-o-to (5) - લખાય છે.
જયારે અંગ્રેજીમાં :
old pond...
a frog leaps in - (kireji)
water's sound.
જયારે, જો ગુજરાતીમાં કરીએ તો (કદાચ)
જૂનું તળાવ,
દેડકે ઝંપલાવ્યું,
પાણીનો રવ.
- લખી શકાય

**હાઈકુ એ જાપાનીઝ કવિતાનું એક રુપ બંધારણ છે, જેમાં કવિ ૧૭ અક્ષરોનો ઉપયોગ કરે છે જેમાં પ્રથમ પંક્તિમાં પાંચ, બીજી પંક્તિમાં સાત અને ત્રીજી પંક્તિમાં પાંચ અક્ષરો લખાય છે**

જે રીતે આપણે કોઈ યાદગાર ક્ષણોને કેમેરામાં કંડારીએ છીએ અને ફરીવાર જયારે તેને જોઈને અતીતને વાગોળીઓ છીએ તેવું જ કંઈક આ હાઈકુનું છે. હાઈકુ કવિતા પણ સમય, પ્રેમની પળો, લાગણીશીલ અનુભવોની અનુભૂતિ કરાવે છે.

મોટે ભાગે 'હાઈકુ' વર્તમાન કાળમાં લખાય છે, જેમાં પ્રથમ અથવા દ્વિતીય લીટીમાં ક્ષણિક વિરામ દર્શાવાય છે. અંગ્રેજીમાં 'કેરેજી'ની અગત્યતા દર્શાવવા માટે વિરામ ચિહનોનો ઉપયોગ કરવામાં આવે છે. ઈસાના (ISSA) હાઈકુમાં પ્રથમ લાઈન પછી વિરામ; બાસોમાં બીજી લાઈન પછી વિરામ આવે છે. જેને આપણે કિરેજીથી ઓળખીએ છીએ. જયારે અંગ્રેજી ભાષાના હાઈકુમાં (ડૅશ) થી ઓળખાય છે. ઘણાં હાઈકુમાં શબ્દો અને ઉચ્ચારણો બેવડાય છે. મોટા ભાગે જાપાનીઝ હાઈકુમાં ઋતુઓ, મહિનાઓ, પ્રાણીઓ, જીવજંતુઓ અને કુદરતના નાના નાના કણ વિષે ચર્ચા કરવામાં આવે છે. ટૂંકમાં કુદરતની ઉજવણીના ભાગરુપે હાઈકુની રચના કરવામાં આવે છે. જાપાનીઝ હાઈકુ સદીઓથી લખાતું આવ્યું છે. જેમાં ૧૩૦૦મી સદીના મધ્યભાગમાં, notsume soseki કે જે જાપાના ચાર્લ્સ ડેકીન્સથી ઓળકાય છે. તેણે હાઈકુ લખેલ. જાણીતો હાઈકુ લેખક રીચાર્ડ રાઈટ કે જે, આફ્રિકન - અમેરિકન નવલકથાકાર હતો તેણે, ૧૯૯૦માં 'હેકુ' નામનો અંગ્રેજીમાં હાઈકુ સંગ્રહ બહાર પાડેલો. થોડાક ગુજરાતી હાઈકુ માણીએ.

થનગનતો
શબ્દોનો તલસાટ
મૌન ઉંબરે

પેટ ઠારતી
પ્રિતવછોયી નાર
ગામ-ગપાટે!

બાળકે બેઠું
રેતી ઢગલે પડ્યો
ઊંટનો પગ!

લખ્યા લલાટે
લેખ જોષી વાંચે
હસ્ત રેખામાં

ઘા દિલે પડે,
ચોધાર અશ્રુધારે
ચક્ષુઓ રડે!

અગણિત છે
રુપે-રંગે પ્રાણીઓ,
દૂધ છે શ્વેત!

છાપરે ચડી
પાપ પોકારે છે,
સીડી શું કરે?

કાળિયો કૃષ્ણ
જન્મ્યો મધરાતે,
ઉજાળી ધરા!

ઘરે આવતા
દીઠું બારણું બંધ
તાળું નવીન!